This file has been cleaned of potential threats.

If you confirm that the file is coming from a trusted source, you can send the following SHA-256 hash value to your admin for the original file.

6df302e77d58d62b62a889c196ff970d57a7698b2462f2c04994a75b0e536d6b

To view the reconstructed contents, please SCROLL DOWN to next page.

# ક: વિજ્ઞાન પ્રદર્શન:

1) વિજ્ઞાન મોડલ/પ્રોજેક્ટ પ્રદર્શન માટેનો મુદ્દો **" આધુનિક પરિવહનમાં વિજ્ઞાન અને તકનીકની ભૂમિકા"** રાખવામાં આવેલ છે.
2) પ્રદર્શની માટે દરેક શાળા મહત્તમ ૨ મોડલ પ્રસ્તુત કરી શકે છે. અંતિમ પસંદગી મોડેલની ગુણવત્તા તેમજ વિષયવસ્તુ પ્રત્યેના સમન્વય પર આધારિત હશે. નેશનલ સાયન્સ ડે (NSD) સમિતિનો નિર્ણય અંતિમ રહેશે
3) શાળા તરફથી મોડલ/પ્રોજેક્ટની વિગત **IPR NSD સમિતિને પહોંચાડવાની અંતિમ તારીખ <u>૧૦-જાન્યુઆરી-૨૦૧૯</u> છે.**
4) એપ્લિકેશન મોકલતી વખતે મોડેલ માટેની સંબંધિત જરૂરિયાતો જેમ કે ઈલેક્ટ્રિક પાવર/પાવર પોઇન્ટ, પાણી, ખુલ્લી જગ્યા, ડાર્ક રૂમ, મોડલની અંદાજીત સાઈઝ વગેરેની વિગતોનો સ્પષ્ટ ઉલ્લેખ ફોર્મમાં કરવુ જરૂરી છે.
5) શાળા દ્વારા પ્રસ્તુત મોડલ IPR NSD પર અગાઉના વર્ષે દર્શાવવામાં આવેલ હોવા જોઈએ નહિ. જો કોઈપણ શાળા/ગ્રુપ NSD ૨૦૧૮ માં રજુ કરેલ/પ્રદર્શિત કરવામાં આવેલ મોડેલને રજુ કરવા ઈચ્છતા હોય તો એવા સંજોગોમાં શાળા દ્વારા મોડેલમાં કરેલ ફેરફાર / ઉમેરાયેલ નવીનતા વિષે સ્પષ્ટ ઉલ્લેખ કરવો જરૂરી છે. **નોંધ:** અરજી/ એપ્લિકેશન ફોર્મમાં લાગુ પડતી મોડેલ સંબંધિત સ્થિતિનો ઉલ્લેખ કરવો.
6) શ્રેષ્ઠ મોડેલોના ઈનામ, પ્રમાણપત્રો અને *participation* પ્રમાણપત્રો સાયન્સ ડે ઉજવણીને અંતે આપવામાં આવશે. કાર્યરત (working) મોડેલ માટે ત્રણ ઈનામ અને સ્થૂળ (non-working) મોડેલ માટે ૨ ઈનામની જોગવાઈ છે.
7) પ્રદર્શન માટે પસંદ કરાયેલ મોડેલ માટે નીચે જણાવેલ સવલતો પૂરી પાડવામાં આવશે.
   a. NSD સમિતિ દ્વારા ધારા-ધોરણો મુજબ અમદાવાદ/ગાંધીનગર સુધીનું ટિકિટ ભાડું અને રહેવાની વ્યવસ્થા.
   b. બહારગામથી આવનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ જે ૧ લી ફેબ્રુઆરી ના રોજ પોતાનું મોડેલ IPR માં સ્થાપિત કરવા માંગતા હોય તેમણે પોતાની રીતે IPR માં પહોંચી જવાનું રહેશે. ૧ લી ફેબ્રુઆરી ના રોજ IPR થી ઉતારા પર જવા માટે રાત્રે ૮:૦૦ વાગ્યે બસ ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. **નોંધનીય છે કે ૬:૦૦ વાગ્યા પછી IPR માં પ્રવેશ શક્ય નથી.**
8) મોડલ સાથે આવેલ વિદ્યાર્થીઓ/શિક્ષકો માટે સાયન્સ ડે દરમિયાન વિનામૂલ્યે ચા, નાસ્તો અને બપોરના ભોજનની વ્યવસ્થા (મોડેલ દીઠ મહત્તમ ૨ વિદ્યાર્થીઓ અને શાળા દીઠ ૨ શિક્ષકો) કરવામાં આવેલ છે.

# ખ: વિજ્ઞાન ક્વિઝ:

1) ક્વિઝ સ્પર્ધા માટે સામાન્ય વિજ્ઞાન ધોરણ ૮ થી ૧૦ ના અભ્યાસક્રમ માંથી આવરી લેવામાં આવશે.
2) શાળા દીઠ માત્ર એક ટીમ (એટલે કે ૨ વિદ્યાર્થીઓ) ભાગ લઇ શકે છે.
3) ક્વિઝમાં ભાગ લેનાર શાળાઓની સંખ્યા વધારે હોવાના સંજોગોમાં સ્ક્રીનિંગ ટેસ્ટ દ્વારા ક્વીઝના ફાઈનલ રાઉન્ડ માટેની ટીમોની પસંદગી કરવામાં આવશે. નોંધનીય છે કે સંખ્યાને અનુસંધાને સ્ક્રીનિંગ ટેસ્ટ તરીકે લેખિત પરીક્ષા પણ હોઈ શકે છે.
4) તમામ પ્રક્રિયામાં પ્રશ્નો અંગ્રેજી/હિન્દી/ગુજરાતીમાં એમ ત્રણેય ભાષામાં આપવામાં/પ્રદર્શિત કરવામાં આવશે અને જવાબ કોઇ પણ ભાષામાં આપી શકાશે.
5) ક્વિઝ માટે ક્વિઝમાસ્ટર દ્વારા લેવાયેલ નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે.
6) ક્વિઝમાં ભાગ લેવા માટે ઈચ્છતી શાળાઓ તરફથી ટીમની નોંધણી **IPR NSD સમિતિને પહોંચાડવાની અંતિમ તારીખ <u>૧૦-જાન્યુઆરી-</u>**

**૨૦૧૯ છે.** નોંધણી scienceday@ipr.res.in પર ઈમેલ દ્વારા અથવા નીચે આપેલ સરનામાં પર ટપાલ/પત્ર દ્વારા પણ માહિતી મોકલી શકાશે.

7) બહારગામની શાળાના વિદ્યાર્થીઓ માટે મુસાફરી ભથ્થું (ટિકિટ ભાડું) અને રહેવાની વ્યવસ્થા નીચે ઉલ્લેખ કર્યા મુજબ ધારા-ધોરણો મુજબ આપવામાં આવશે.

## ગ: વક્તૃત્વ સ્પર્ધા:

1) વક્તૃત્વ સ્પર્ધા માટેનો વિષય **" આધુનિક પરિવહનમાં વિજ્ઞાન અને તકનીકની ભૂમિકા"** રાખવામાં આવેલ છે.
2) વક્તૃત્વ સ્પર્ધા ૩ અલગ-અલગ ભાષાઓ જેમ કે અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં રાખવામા આવેલ છે. ભાગ લેનાર **દરેક પ્રતિયોગીને ૩ મિનિટ આપવામાં આવશે.**
3) દરેક શાળામાંથી ભાષા દીઠ માત્ર એક વિદ્યાર્થી ભાગ લઈ શકે છે (એટલે કે મહત્તમ ત્રણ વિદ્યાર્થીઓ).
4) **વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી શાળાઓ, વિદ્યાર્થીના નામની નોંધણી IPR NSD સમિતિને પહોંચાડવાની અંતિમ તારીખ ૧૦-જાન્યુઆરી-૨૦૧૯ છે. નોંધણી** scienceday@ipr.res.in પર ઈમેલ દ્વારા અથવા નીચે આપેલ સરનામાં પર ટપાલ/પત્ર દ્વારા પણ માહિતી મોકલી શકાશે.
5) પ્રતિયોગીઓની સંખ્યાને અનુસંધાને સ્ક્રિનિંગ પરિક્ષણ દ્વારા ૧૫ સ્પર્ધકો (ભાષા દીઠ ૫ સ્પર્ધકો)ની પસંદગી કરવામાં આવી શકે અને પસંદગી પામેલ વિજેતાઓ વચ્ચે અંતિમ રાઉન્ડ રાખવામા આવશે. પસંદગી ની પ્રક્રિયા માટે પ્રતિસ્પર્ધીઓ માટે "તત્કાલ વિષય ભાષણ પ્રતિયોગિતા" રહેશે.
6) દરેક ભાષા માટે અલગ અલગ વિજેતાઓને ઈનામ આપવામાં આવશે અને અંતિમ રાઉન્ડના બધા સ્પર્ધકો ને participation પ્રમાણપ્રત્ર આપવામાં આવશે.
7) બહારગામની શાળાના વિદ્યાર્થીઓ માટે મુસાફરી ભથ્થું (ટિકિટ ભાડું) અને રહેવાની વ્યવસ્થા નીચે ઉલ્લેખ કર્યા મુજબ ધારા-ધોરણો મુજબ આપવામાં આવશે.

## ઘ: લઘુ-નાટ્ય (SKIT) સ્પર્ધા:

1) લઘુ-નાટ્ય માટેની થીમ **"સારા આરોગ્ય માટે વિજ્ઞાન"** રાખવામાં આવેલ છે.
2) સ્ક્રિપ્ટ મૂળભૂત (ઓરિજિનલ) હોવી જરૂરી છે અને **રજુ કરવા માટે ૮ મિનિટનો સમય** ફાળવવામાં આવશે.
3) ભાગલેનાર પ્રતિયોગી ટીમ સ્કીટ/લઘુનાટ્ક રજુ કરવા માટે હિન્દી, અંગ્રેજી કે ગુજરાતી એમ કોઈ પણ ભાષાનો ઉપયોગ કરી શકે છે. એક શાળા દ્વારા એક લઘુ-નાટ્ય રજુ કરી શકાશે.
4) પસંદગી પામેલ ૫ ટીમ ૩ જી ફેબ્રુઆરી ૨૦૧૯ રોજ ઈનામ વિતરણ સમારોહ પહેલા ફરીથી તમામ પ્રેક્ષકો સામે સ્કીટ/લઘુનાટિકાની રજુઆત કરશે.
5) શિક્ષકો અને વિદ્યાર્થીઓ લઘુનાટિકા માં ભાગ લઈ શકે છે. પરંતુ આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ નો હોઈ, વિદ્યાર્થી તરફ થી ભાગીદારી ની અપેક્ષા વધારે રાખવામાં આવે છે. જો જરૂરત હોય તોજ શિક્ષકો એ ભાગ લેવો, તેવો આગ્રહ રાખવામાં આવે છે. લઘુનાટિકા ના સહભાગીઓને નીચેના ઉલ્લેખિત ધોરણો પર આધારિત ભથ્થાં અથવા આવાસ આપવામાં આવશે.

6) **લઘુ-નાટ્યમાં ભાગ લેવા માટે ઈચ્છુક શાળા, શીર્ષક અને ટૂંકું વિવરણ સાથે નોંધણી IPR NSD સમિતિને પહોંચાડવાની અંતિમ તારીખ ૧૦ જાન્યુઆરી ૨૦૧૯ છે.**

7) બહારગામની શાળાના વિદ્યાર્થીઓ+શિક્ષકો માટે મુસાફરી ભથ્થું (ટિકિટ ભાડું) અને રહેવાની વ્યવસ્થા નીચે ઉલ્લેખ કર્યા મુજબ ધારા-ધોરણો મુજબ આપવામાં આવશે.

# ચ: નિબંધ લેખન સ્પર્ધા:

1) નિબંધ લેખન સ્પર્ધા માટેનો વિષય **" આધુનિક પરિવહનમાં વિજ્ઞાન અને તકનીકની ભૂમિકા"** રાખવામાં આવેલ છે.

2) નિબંધ લેખન સ્પર્ધામાં ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે છે.

3) નિબંધ લેખન સ્પર્ધા માટે નિબંધ, ૩ ભાષાઓ હિન્દી, અંગ્રેજી કે ગુજરાતીમાંથી કોઈ પણ ભાષામા મોકલી શકાશે. સ્પર્ધા ત્રણેય ભાષામા અલગ અલગ રહેશે.**નિબંધ ની લંબાઈ ૫૦૦ શબ્દોથી વધુ ના હોવી જોઈએ** અનેનિબંધ હસ્તલિખિત હોવો જોઈએ.

4) દરેક શાળામાંથી ભાષા દીઠ માત્ર એક વિદ્યાર્થી ભાગ લઇ શકે છે (એટલે કે મહત્તમ ત્રણ નિબંધ).

5) નિબંધ **સ્પર્ધામાં ભાગ લેવા, IPR NSD સમિતિને નિબંધ પહોંચાડવાની અંતિમ તારીખ ૧૦ જાન્યુઆરી ૨૦૧૯ છે.**

6) નિબંધ ઈમેઈલ દ્વારા “scienceday@ipr.res.in ” પર મોકલવાના રહેશે અથવા ટપાલદ્વારા COORDINATOR, NSD સમિતિને આપેલ સરનામાં પર મોકલી શકાશે. ઈમેઈલથી નિબંધ મોકલતી વખતે વિષય **“NSD 2019- Essay (language) (school name in short)”** રાખવો. languageની જગ્યાએ જે ભાષામાં નિબંધ હોય એનું નામ અને school name in short ની જગ્યાએ શાળાનું નામ લખવું. ટપાલ દ્વારા નિબંધ મોકલતી વખતે કવર પર **“NSD 2019 – essay competition”** લખવું જરૂરી છે.

7) આ સ્પર્ધા ઑફલાઈન સ્પર્ધા છે આથી ભાગ લેનાર કોઈપણ પ્રતિસ્પર્ધીઓને કોઈ ભથ્થું કે બીજા કોઈ પણ પ્રકારની સવલત આપવા માટે IPR બાધ્ય નથી. વિજેતાઓના નામ **૨૮ જાન્યુઆરી ૨૦૧૯** ના રોજ http://www.ipr.res.in/documents/nsd.html વેબ સાઈટ પર જાહેર કરવામાં આવશે.

# છ: પોસ્ટર પેઈન્ટીંગ સ્પર્ધા:

1) પોસ્ટર પેઈન્ટીંગ સ્પર્ધા માટેની થીમ **" આધુનિક પરિવહનમાં વિજ્ઞાન અને તકનીકની ભૂમિકા"** રાખવામાં આવેલ છે.

2) પોસ્ટર પેઇન્ટિંગ સ્પર્ધામાં માત્ર વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે છે.

3) પોસ્ટર માત્ર હાથથી દોરેલા હોવા જોઈએ અને **પોસ્ટરની સાઈઝ વધુમાં વધુ A૩** (૪૨૦ x ૨૯૭ મીમી) હોવી જોઈએ.

4) પોસ્ટર અંગ્રેજી, હિન્દી કે ગુજરાતી એમાંથી કોઈ પણ ભાષામાં બનાવી શકાય છે.

5) પ્રતિ શાળા દીઠ પ્રતિ ભાષા દીઠ ફક્ત એક પ્રવેશ એટલે કે એક પોસ્ટર સ્વીકારવામાં આવશે (એટલે કે, શાળા દીઠ મહત્તમ ૩ પોસ્ટર).

6) પોસ્ટર **સ્પર્ધામાં ભાગ લેવા, IPR NSD સમિતિને પોસ્ટર પહોંચાડવાની અંતિમ તારીખ ૧૦ જાન્યુઆરી ૨૦૧૯ છે.**

7) પોસ્ટર ટપાલ દ્વારા COORDINATOR, NSD સમિતિને નિમ્નલિખિત સરનામાં પર મોકલવાના રહેશે અને કવર પર **“NSD૨૦૧૮–** poster competition” લખવું જરૂરી છે.

8) આ સ્પર્ધા ઑફલાઈન સ્પર્ધા છે આથી ભાગ લેનાર કોઈપણ પ્રતિસ્પર્ધીઓને કોઈ ભથ્થું કે બીજા કોઈ પણ સવલત આ પવા માટે IPR બાધ્ય નથી. **વિજેતાઓના નામ ૨૮ જાન્યુઆરી ૨૦૧૯** ના રોજ http://www.ipr.res.in/documents/nsd.html વેબ સાઈટ પર જાહેર

કરવામાં આવશે.

## જ: શિક્ષકોના શૈક્ષણિક નમૂના /મોડલ:

**શિક્ષકો દ્વારા પ્રસ્તુતિ: - "વૈકલ્પિક નમૂના /નવીન મોડેલો અને સાધનો મારફતે વિજ્ઞાન અધ્યાપન"**

1) શિક્ષકો દ્વારા સક્રિય વૈકલ્પિક નમૂના (innovative working models) મારફતે વિજ્ઞાન અધ્યાપન
2) એક શાળા દીઠ માત્ર એક પ્રવેશ / મોડલ મંજૂરી આપવામાં આવે છે. નમૂના/ મોડલ અસલ હોવું જોઈએ અથવા તેમાં ઓળખી શકાય તેવી નવીનતા / ફેરફાર સંસ્થાપિત થવી જોઈએ.
3) નમૂના /મોડેલની સંક્ષિપ્ત સમજૂતી શીર્ષક અને ચિત્ર સાથે **૧૦ જાન્યુઆરી ૨૦૧૯** પહેલાં ઈ-મેઈલ (scienceday@ipr.res.in) દ્વારા IPR મોકલવી.
4) તમામ શાળાઓ વચ્ચે છ મોડલ પસંદ કરવામાં આવશે.પસંદગી પામેલા મોડલને **૨૮ જાન્યુઆરી ૨૦૧૯** સુધી માં જાણ કરવામાં આવશે. પ્રતિનિધિત્વ શિક્ષક વર્ગ ખંડના વાતાવરણમાં 10 મિનિટ માટે કામ પ્રસ્તુત કરશે.
5) વિજ્ઞાનની કોઈપણ શાખામાં કોઈ ચોક્કસ વિષય પર નમૂનો / મોડલ હોઈ શકે છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકો દ્વારા નવીન શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને અસરકારક રીતે શિક્ષણ આપવાનો છે. કોઈ પણ વિષય કેટલી અસરકારક અને રસપ્રદ રીતે શીખવવામાં આવે છે અને વિદ્યાર્થીઓ કેટલું ઊંડે અને સરળતાથી તેને સમજી શકે છે એ આ કાર્યક્રમ પર થી જોઈ શકાશે. ત્રણ શ્રેષ્ઠ પ્રસ્તુતિઓ માટે ઈનામ એનાયત કરવામાં આવશે. શિક્ષકોએ મોડલ / સહાયક વસ્તુના વર્ણનનું મહત્તમ એક પાના નું લખાણ મોકલવાનું રહેશે.
6) મુખ્ય રેખામાં વિષય સ્પષ્ટ લખવો જરૂરી છે.

## ટ: IPR ઓપન હાઉસ:

1) સંસ્થા **૨ જી અને ૩ જી ફેબ્રુઆરી ના રોજ તમામ ભારતીય નાગરિકો માટે ખુલ્લી રહેશે.**
2) IPR કેમ્પસમાં પ્રવેશ- સાયન્સ ડે ઉજવણીની મુલાકાત અને IPRની પ્રયોગશાળાની મુલાકાત માટે **મુલાકાતીઓએ સરકાર માન્ય કોઈ પણ ફોટો આઈડી પ્રૂફ સાથે લાવવું ફરજીયાત છે** અથવા શાળા દ્વારા અપાયેલ આઈડી (વિદ્યાર્થીઓ માટે લાગુ) સાથે લાવવું જરૂરી છે.
3) અમદાવાદ અને ગાંધીનગર થી IPR પહોંચવા માટે **મફત શટલ બસ વ્યવસ્થા** નીચે મુજબ રહેશે.
4) આરટીઓ સર્કલ (બીઆરટીએસ બસ સ્ટોપ નજીક), અમદાવાદ થી તા: ૨ જી ફેબ સવારે ૯:૦૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી; દર કલાકે અને તા: ૩ જી ફેબ સવારે ૯:૦૦ વાગ્યા થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી દર કલાકે બસ ની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
5) પથિકાશ્રમ (Pathikashram, એસટી બસ સ્ટેન્ડ), ગાંધીનગર થી તા: ૨ જી ફેબ સવારે ૧૦:૦૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી; દર બે કલાકે અને તા: ૩ જી ફેબ સવારે ૧૦:૦૦ વાગ્યા થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી દર બે કલાકે બસ ની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
6) IPR થી અમદાવાદ-ગાંધીનગર માટે છેલ્લી બસ સાંજે ૪:૦૦ વાગ્યે.
7) શાળાઓને તેમની મુલાકાત NSD સમિતિના સંયોજકને જાણ કરવા માટે વિનંતી કરવામાં આવે છે. આ માહિતીની જાણ તમારી મુલાકાત વધુ સુવિધાદાયક બનાવવા માટે NSD આયોજક સમિતિને મદદરૂપ થઇ શકે છે અને શાળાને થતી અસુવિધા ટાળવા માટે

મદદરૂપ થઇ શકે છે. નોંધ: પૂર્વ નોંધણી વગર પણ મુલાકાત માટે આવી શકાય છે.

8) NSD વિશેની માહિતીની વેબસાઈટ http://www.ipr.res.in/documents/nsd.html પર સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવશે. તમામ શાળાઓ/પ્રતિભાગી વિદ્યાર્થીઓ/મુલાકાતીઓને નવીનતમ અને વિસ્તૃત માહિતી માટે વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી છે.

# મહત્વની જાણકારી:

1) IPR તરફથી **શાળા દીઠ મહત્તમ ૮ વિદ્યાર્થીઓ તેમજ ૨ શિક્ષકોને** જ મુસાફરી ભથ્થું (ટિકિટ ભાડું) અને રહેવાની વ્યવસ્થા આપવામાં આવશે. કેટેગરી પ્રમાણે મહત્તમ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યા નીચે સૂચવેલ મુજબ રહેશે.
   a. મોડેલ : ૨ વિદ્યાર્થી પ્રતિ મોડેલ/પ્રોજેક્ટ
   b. વક્તૃત્વ સ્પર્ધા: ૧ વિદ્યાર્થી પ્રતિ ભાષા
   c. ક્વિઝ : ૨ વિદ્યાર્થી
   d. સ્કીટ : ૪ વિદ્યાર્થી
   e. શિક્ષકો : ૨

## 2) સહભાગી વિદ્યાર્થી-ધોરણ માહિતી:

   a. **વિજ્ઞાન પ્રદર્શન** : ધોરણ ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે
   b. **લઘુ-નાટ્ય (SKIT) સ્પર્ધા** : ધોરણ ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.
   c. **વિજ્ઞાન ક્વિઝ:** ધોરણ ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.
   d. **વક્તૃત્વ સ્પર્ધા:** ધોરણ ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.
   e. **નિબંધ લેખન સ્પર્ધા:** ધોરણ ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.
   f. **પોસ્ટર પેઈન્ટીંગ સ્પર્ધા:** ધોરણ ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.

3) મુસાફરી ભથ્થું (ટિકિટ ભાડું) બહારગામના વિદ્યાર્થીઓ/શિક્ષકો (ગાંધીનગર/અમદાવાદ શહેરની બહારના શાળાઓ) માટે આપવામાં આવશે. મુસાફરી ભથ્થું સંબંધિત પુરાવા/ટિકિટની રજૂઆતના આધારે રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત દર (એસટી બસ ભાડું) મુજબ ચૂકવવામાં આવશે. અન્ય વિકલ્પ મારફતે મુસાફરી કરેલ ઉમેદવારોને યોગ્ય પુરાવા/માન્ય લિખિત પ્રમાણના આધારે મુસાફરી ભાડું ચુકવવામાં આવશે અને આ ચુકવણું **કોઈ પણ સંજોગોમાં માન્ય નિર્ધારિત દર થી વધારે આપવામાં નહીં આવે**. નાણાકીય બાબતોમાં IPR એકાઉન્ટ અધિકારીઓનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. (નોંધ : ઇચ્છનીય છે કે ST બસ સિવાય અન્ય વિકલ્પ દ્વારા મુસાફરી કરતા અગાઉથી IPRને જાણ કરી મંજૂરી લેવી)

4) બહારગામના શાળાના વિદ્યાર્થીઓ/શિક્ષકો માટે આવશ્યક/ સાધારણ ભૌતિક સુવિધાઓ વાળી રહેવાની વ્યવસ્થા આપવામાં આવશે. રહેવાની સુવિધા મર્યાદિત છે અને શાળાઓને આ માટે નોંધણી કરાવવી જરૂરી છે. નોંધણી માટે વિદ્યાર્થી/વિદ્યાર્થીની ના નામ + શિક્ષકોની માહિતી સંયોજક, **NSD સમિતિને ૧૦ જાન્યુઆરી ૨૦૧૯ સુધીમાં** જાણ કરવા વિનંતી છે.

**5)** બહારગામથી આવનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ જે ૧ લી ફેબ્રુઆરી ના રોજ પોતાનું મોડેલ IPR માં સ્થાપિત કરવા માંગતા હોય તેમણે પોતાની રીતે IPR માં પહોંચી જવાનું રહેશે. ૧ લી ફેબ્રુઆરી ના રોજ IPR થી ઉતારા પર જવા માટે રાત્રે ૮:૦૦ વાગ્યે બસ ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. **નોંધનીય છે કે ૬:૦૦ વાગ્યા પછી IPR માં પ્રવેશ શક્ય નથી.**

6) ક્વીઝ, વક્તૃત્વ સ્પર્ધા, લઘુ-નાટ્ય (SKIT) અને નમૂના(મોડેલ)માં ભાગ લેનાર તમામ પ્રતિસ્પર્ધીઓ (લોકલ + બહારગામ) માટે IPR દ્વારા વિનામૂલ્યે ચા, નાસ્તો અને બપોરના જમવાના ની વ્યવસ્થા કરવામાં આવશે. અગાઉથી નોંધણી કરેલ માહિતી મુજબ **શાળા દીઠ મહત્તમ ૨ શિક્ષકો અને ૮ વિદ્યાર્થીઓ** માટે જ આ વ્યવસ્થા માન્ય રહેશે. શાળા તરફથી આવેલ અન્ય શિક્ષકગણ, અભિભાવક કે વિદ્યાર્થીઓ સ્વખર્ચે IPR કેન્ટીન નો ઉપયોગ કરી શકે છે.
7) IPR કેમ્પસ અને પ્રતિસ્પર્ધીઓને ફાળવવામાં આવેલા આવાસ સ્થળ વચ્ચે પરિવહન માત્ર સવારે અને સાંજે જ પૂરી પાડવામાં આવશે.
8) સંબંધિત સ્પર્ધાઓ પછી વિજેતાઓના નામની જાહેરાત કરવામાં આવશે, અને ઈનામ તેમજ પ્રમાણપત્ર વિતરણ **૩ જી ફેબ્રુઆરી ૨૦૧૯** ના રોજ સમાપન સમારોહ દરમિયાન કરવામાં આવશે. ઈનામ વિતરણ સમારોહ દ્વારા ગેરહાજર રહેલ વિદ્યાર્થી કે શાળાએ પ્રમાણપત્ર/ઈનામ પોતાની વ્યવસ્થાએ IPRથી મેળવી લેવા. IPR પ્રમાણપત્ર કે ઈનામ જે તે શાળાને પહોંચતા કરવા માટે બાધ્ય નથી.
**9)** મહત્વની અંતિમ તારીખો:
   a. પ્રોજેક્ટ/મોડેલ નોંધણી માટે **૧૦ જાન્યુઆરી**
   b. ક્વીઝ માટેની નોંધણી માટે - **૧૦ જાન્યુઆરી**
   c. વક્તૃત્વ સ્પર્ધા માટે નોંધણી - **૧૦ જાન્યુઆરી**
   d. નિબંધ પહોંચાડવા માટે- **૧૦ જાન્યુઆરી**
   e. પોસ્ટર પહોંચાડવા માટે - **૧૦ જાન્યુઆરી**
   f. સ્કીટની નોંધણી માટે - **૧૦ જાન્યુઆરી**
   g. નિબંધ/પોસ્ટરના પરિણામો **૨૮ જાન્યુઆરી ૨૦૧૯**
10) NSD વિશેની માહિતી ની વેબસાઈટ http://www.ipr.res.in/documents/nsd.html પર સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવશે. તમામ શાળાઓ/પ્રતિભાગી વિદ્યાર્થીઓ/મુલાકાતીઓને નવીનતમ અને વિસ્તૃત માહિતી માટે વેબસાઈટ ની મુલાકાત લેવા વિનંતી છે.

# સંદેશાવ્યવહાર માટે સરનામા:

## પોસ્ટર અને નિબંધ મોકલવા માટે:

સંયોજક (coordinator),
નેશનલ સાયન્સ ડે ૨૦૧૯, ઈન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ,
ભાટ, ઈન્દિરા બ્રિજ નજીક, ગાંધીનગર ૩૮૨ ૪૨૮

## અન્ય કોઈ પણ પૂછપરછ/માહિતી માટે:

ફોન: ૦૭૯-૨૩૯૬૨૦૦૦, (૯:૩૦ થી ૧૭:૦૦, સોમવારથી શુક્રવાર)
ઈમેઈલ: scienceday@ipr.res.in

# Website: www.ipr.res.in/documents/nsd.html